ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૧૮ જૂન, ૨૦૨૬



અજીત ખાને વિલનગીરીને બનાવી દીધી ક્લાસી!... Pg.2



'સર્કિટ' લાવશે 'જીવન વીમા યોજના' Pg.4

# બબ્બર V/S બબ્બર

## પિતા રાજથી નારાજ થઇ પ્રતીકે પોતાનું નામ 'પ્રતિક સ્મિતા પાટીલ' કરી દીધું

પ્રતીક બબ્બરના તેના પિતા, પીઢ અભિનેતા રાજ બબ્બર સાથે હમેશાથી અસ્થિર અને તનાવપૂર્ણ સંબંધો રહ્યા છે. બાળજન્મ દરમિયાન પ્રતીકની માતા સ્મિતા પાટીલના દુખદ અવસાન પછી તેનો ઉછેર તેમના નાના નાની દ્વારા કરવામાં આવ્યો હતો. પ્રતીકના મોટા થયા પછી તેના પિતા સાથેના સંબંધો થોડા સારા બન્યા હતા પરંતુ, જયારે પ્રતીકે પ્રિયા બેનર્જી સાથેના તેના લગ્નમાં રાજ બબ્બર અને તેના પુરા પરિવારને આમંત્રણ ન આપ્યું ત્યારથી તેમના સંબંધોમાં ફરીથી તિરાડ પડવાની શરૂઆત થઇ ગઈ. વળી, હાલમાં, પ્રતીકે તેના પિતાની અટક છોડીને માતાની અટક આપનાવી ત્યારથી તેમની વચ્ચેના સબંધો વધારે વણસી ગયા હોવાનું જાણવા મળ્યું છે.

પ્રતીકનો જન્મ નવેમ્બર ૧૯૮૬ માં સુપ્રસિદ્ધ અભિનેત્રી સ્મિતા પાટીલ અને પીઢ અભિનેતા અને રાજકારણી રાજ બબ્બરના ઘરે થયો હતો. બાળજન્મ વખતે સ્મિતા પાટીલને કોમ્પ્લીકેશન થવાથી ૨ અઠવાડિયાના પ્રતીકને મુકીને તેમણે આ દુનિયામાંથી વિદાય લીધી હતી. પ્રતીકનો ઉછેર નાના નાની ના ઘરે થયો હતો. પ્રતીક માને છે કે તેની માતા સ્મિતા પાટીલને તેમના પિતા



**તાજેતરના વર્ષોમાં તેમની વચ્ચે ફરી કડવાશ આવી ગઈ છે. આ તિરાડ ત્યારે દેખાઇ આવી જયારે પ્રતીકે તેના બીજા લગ્ન માં રાજ બબ્બર અને તેના પરિવારના કોઈપણ સભ્યને આમંત્રણ આપ્યું ના હતું**

રાજ સાથેના સંબંધોને કારણે ભારે સામાજિક પરીક્ષણ માંથી અને વ્યક્તિગત બલિદાનો માંથી પસાર થવું પડ્યું હતું. સ્મિતા પાટીલને રાજ બબ્બર કે જે પહેલાથી જ વિવાહિત હતા તેની સાથેના સંબંધને કારણે સામાજિક દ્રષ્ટીએ તિરસ્કૃત અને અન્યાયી રીતે જોવામાં આવ્યું હતું. આમ, પ્રતીકને સતત આ વાતનો રોષ પિતા રાજ બબ્બર માટે રહ્યો હતો કે તેની માતા એ પિતા રાજ બબ્બરને કારણે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો પ્રતિક તિરસ્કૃત થયાની અને ગુસ્સાની લાગણી સાથે મોટો થયો. આ સમગ્ર પરિસ્થિતિઓ એ પ્રતીક ના વ્યક્તિત્વનું ઘડતર કર્યું. આ વાત પ્રતીકે ઘણીવાર ઈન્ટરવ્યુમાં પણ કહી છે કે, 'મારા પિતા હંમેશાં બીજા પરિવાર' [રાજ બબ્બરની પહેલી પત્ની નાદીરા ઝહિર અને તેમના બાળકો જુહી બબ્બર અને આર્ય બબ્બર ] સાથે વ્યસ્ત રહેતા હતા.' આમ, પ્રતીકને બાળપણથી જ પિતા અને તેમના પરિવાર પ્રત્યે ગુસ્સો રહ્યો છે. તેમ છતાં, પ્રતીકે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો ત્યારથી તેમના સંબંધોમાં ઉતાર ચડાવ આવતા રહ્યા છે. પ્રતીક પરિપક્વ થતા તેના પિતા અને સાવકા ભાઈ બહેનો સાથે તેનું સમાધાન તો થયું પરંતુ, તાજેતરના વર્ષોમાં તેમની વચ્ચે ફરી કડવાશ આવી ગઈ છે. આ તિરાડ ત્યારે દેખાઈ આવી જયારે પ્રતીકે તેના બીજા લગ્ન માં રાજ બબ્બર અને તેના પરિવારના કોઈપણ સભ્યને આમંત્રણ આપ્યું ના હતું. પ્રતીકે પ્રિયા બેનર્જી સાથેના તેના લગ્નને અંગત પ્રસંગ રાખીને તેની માતા સ્મિતા પાટીલના ઘરમાં જ લગ્ન કર્યા હતા. પ્રતિક જણાવે છે કે, 'તેમને લગ્નમાં ન બોલાવવા પાછળનું એક કારણ એ હતું કે તેઓ તે સમયે લગ્નમાં આવી શકે તેમ ન હતા. વળી બીજું એ કે, હું મારી સ્વર્ગીય માતાના ઘરમાં લગ્ન કરી રહ્યો હતો અને મારા પિતાની પત્નીને મારી માતા સાથે શરૂઆતથી જ મનભેદ રહ્યો છે. એટલે તેમને આ ઘરમાં બોલાવવું મને અયોગ્ય લાગ્યું.' તે વધુમાં એમ પણ ઉમેરે છે કે 'આમાં કોઈનું અપમાન કરવાનો ઈરાદો ન હતો, પરંતુ, મારી માતા અને તેની ઈચ્છાઓનો આદર કરવા વિષે હતું. મને દુઃખ છે કે મારા પિતા અને તેમની પત્ની ત્યાં આવી ન શક્યા. આ ઘરમાં મારી માતાએ મને એકલા મોટા કરવાના સપના જોયા હતા, અમે આ ઘરમાં સાથે રહેવાના હતા. એટલે તેમને આ ઘરમાં બોલાવવું મને અયોગ્ય લાગ્યું. મને લાગે છે કે મેં સાચો નિર્ણય લીધો હતો.'





તો બીજી બાજુ, પ્રતીકના સાવકા ભાઈ આર્ય બબ્બરે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, 'અમારા પરિવારે તેની સાથેના સંબંધને જાળવવામાં ઘણી કાળજી રાખી છે. પરંતુ, પ્રતીકે પહેલી પત્ની સાથે છૂટાછેડા લીધા બાદ અચાનક અમારા ફોન કોલ્સ લેવાનું અને મેસેજના જવાબ આપવાનું બંધ કરી દીધું હતું.' આર્ય એ પ્રતિક માટે એવું પણ કહ્યું કે, 'આ તો એવી વાત થઈ કે જયારે તમારી કારકિર્દી બરાબર ચાલતી ન હોય અને તમને તમારી જરૂરિયાતો પૂરી કરવા પોકેટ મની જોઈએ ત્યારે તેને પિતા યાદ આવે છે, જયારે તેને તેના પિતાએ સ્મિતામાં માટે ખરીદેલા ઘરમાં રહેવું હોય ત્યારે તેને પિતા યાદ આવે છે, જયારે તેને કોઈ ફાયદો થતો હોય ત્યારે તેને પિતા યાદ આવે છે. પરંતુ, જયારે તેણે તેમને એક પિતા તરીકે દરજ્જો આપવાનો હોય, તેમને સમાજમાં આદર આપવાનો હોય ત્યારે તેને પિતા યાદ નથી આવતા. આ કેવી વાત છે? એક મોટા ભાઈ તરીકે હું તેને પ્રેમ કરું છું પરંતુ, જયારે તે ખોટું કરશે ત્યારે હું તેને ખોટો જ કહીશ. આ દુઃખદ વાત છે કે સ્મિતામાં કે જેમના માટે મારા પિતાએ અમારા પરિવારને છોડી દીધો હતો આજે તેમના દીકરો તેમને પિતાનો દરજ્જો આપવા તૈયાર નથી. આના કરતા દયામણી પરિસ્થિતિ શી હોય શકે?' આર્ય એ છેલ્લે એમ પણ કહ્યું કે,' એક મોટા ભાઈ તરીકે હું હંમેશાં તેની સાથે રહીશ, પરંતુ, જો તમે મને તેને પહેલાની જેમ પ્રેમ કરવાનું કે સ્વીકારવાનું કહેશો તો તેમ હવે બનશે નહિ.' આર્યની આ વાતનો જવાબ સોશિયલ મીડિયા પર આપતા પ્રતીક કહે છે કે,' અફવાઓ ફેલાવીને અમુક વ્યક્તિઓને ફાયદો થતો હોય છે.' સ્વાભાવિક છે કે આ વાત પ્રતીકે આર્યને ઉદ્દેશીને જ કરી હશે. આમ, પ્રતીકના તેના પિતા રાજ બબ્બર અને સાવકા ભાઈ આર્ય બબ્બર સાથેના તનાવપૂર્ણ સંબંધો જાહેરમાં આવી ગયા છે.



આ નિર્ણયથી તેમના સંબંધોમાં આવેલી દરાર વધારે છતી થઈ અને હાલમાં જ, જ્યારે પ્રતીકે તેના પિતાનું નામ છોડીને માતાનું નામ પોતાના નામ સાથે જોડ્યું ત્યારે પરિસ્થિતિ વધારે વણસી ગઈ. લગ્ન બાદ પ્રતીકે પોતાનું નામ 'પ્રતિક સ્મિતા પાટીલ' કરી દીધું. આમ કરવા પાછળ ખુલાસો આપતા તે જણાવે છે કે, 'મને તેના પરિણામોની પરવા નથી. મારા માટે ફક્ત એટલું જ મહત્વનું છે કે જ્યારે હું આ નામ સંભાળું ત્યારે મને કેવું લાગે છે. મારે મારી માતા, તેમના નામ અને તેમના વારસા સાથે સંપૂર્ણપણે જોડાયેલા રહેવું છે. જો તમે મને સમજી શકો છો તો હું નથી ઈચ્છતો કે અન્ય કોઈ નામ તેના વારસાને કલંકિત કરે. મને તેના નામ અને વારસાની જ જરૂર છે અને બસ, મને એટલું જ જોઈએ છે. મારે મારા પિતા જેવા નહિ પરંતુ, મારી માતા જેવા બનવું છે. ' આમ, પ્રતિક 'બબ્બર' છોડીને 'પ્રતિક સ્મિતા પાટીલ' બની ગયો અને તે હવે એટલો વધી ગયો છે કે તે સોશિયલ મીડિયા પર અને જાહેર માં ચર્ચા નો વિષય બની ગયો છે. •

## રણદીપ બન્યો વાર્તાકાર




એક્ટર રણદીપ હુડા તેના અંગત જીવનની પળો આપણી સાથે સોશિયલ મીડિયા પર શેર કરે છે. રણદીપે જે પોસ્ટ શેર કરી છે તેમાં તે પોતાની નવજાત દીકરી ન્યોમિકાને રાત્રે સુતા પહેલા વાર્તા કહીને સંભળાવે છે અને તેની પત્ની લીન લૈશરામ દીકરીને હાથમાં લઈને તેની પાસે બેઠી હોય છે. આમાં તેના અંગત ઘરેલુ જીવન ની ઝલક આપણને મળે છે. પોસ્ટની સાથે રણદીપ લખે છે કે, 'દરેક વાર્તા કહેનાર નવા શ્રોતાઓ ના સપના જુએ છે. તમને સૌથી વધારે ત્યારે મળે છે જ્યારે તમને એવી વક્તિ સાંભળતી હોય જેના માટે તમે જ સર્વસ્વ હોવ.' હુડાના ઘરે ૧૦ માર્ચ,૨૦૨૬ ના રોજ દીકરી નો જન્મ થયો હતો. આ દંપતીએ નવેમ્બર ૨૦૨૩ માં મણીપુરના ઈમ્ફાલમાં પરંપરગત મેઈ-તેઈ વિધિ થી લગ્ન કર્યા હતાં. રણદીપ હુડા તેની ફિલ્મ્સ જટ, સ્વાતંત્ર વીર સાવરકર, વન્સ અપોન અ ટાઈમ ઈન મુંબઈ અને હાઈવેમાં તેના અભિનય માટે પ્રચલિત થયો હતો. લૈશરામ પણ એક અભિનેત્રી છે જેને મેરી કોમ, રંગૂન અને જાને જાનમાં કામ કર્યું હતું. •




## માધુરીએ કર્યો મિસ વર્લ્ડને સપોર્ટ

અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચન તેના કાન્સ ફેસ્ટીવલના લુક માટે સોશિયલ મીડિયા પર ઘણી ટ્રોલ થઇ. ઘણા લોકોએ તેની ઉંમર અને તેના દેખાવને લઈને કમેન્ટ્સ કરી. અહી, અભિનેત્રી માધુરી દિક્ષિત ઐશ્વર્યના સ્પોર્ટમાં આવી છે અને તેણે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે ઐશ્વર્યા રાય બચ્ચને હિન્દી સિનેમામાં મહત્વનું યોગદાન આપ્યું છે અને તેણે વૈશ્વિક સિદ્ધિઓ પણ હાંસલ કરી છે. તેણે મેળવેલી સફળતા પર તેની ઉંમર, તેના દેખાવ અને તેના શરીરની સાઈઝ હાવી થવી જોઈએ નહિ. માધુરી કે જેની નેટફ્લીક્સ પર 'મા બહેન' ફિલ્મ આવી રહી છે તેણે ઐશ્વર્યાને લઈને થતી ટીપ્પણીઓને ઉદ્દેશીને જણાવ્યું કે ઐશ્વર્યાની ઓળખ તેના શારીરિક દેખાવ કરતાં ઘણી આગળ છે. 'ઐશ્વર્યા કાન્સ ફેસ્ટીવલમાં ૨૦ વર્ષથી જાય છે. તેના માટે આપણા દેશને ગર્વ થાય છે. તે એક ગ્લોબલ સ્ટાર છે. મિસ વર્લ્ડ તરીકે તેણે આપણા દેશ માટે ઘણું કર્યું છે. તેણે કરેલા કાર્યોને તેની ઉંમર, તેના દેખાવ અને તેના શરીરની સાઈઝ સાથે તોલી શકાય નહિ. તેનું મૂલ્યાંકન ઓછું કરી શકાતું નથી. તે સુંદર છે, તેનો દેખાવ પણ સુંદર છે અને તેનામાં આંતરિક સુંદરતા પણ છે.' એમ માધુરીએ કહ્યું. તેણે વધુમાં ઉમેર્યું કે આજની યુવા પીઢી કે જે સોશિયલ મીડિયા પર કેટલી સક્રિય હોય છે અને આ પ્રકારની કમેન્ટ્સ જો તેમણે દરરોજ જોવામાં આવે તો તેની કેટલી આડઅસર તેમના પર થઇ શકે છે. ' મને લાગે છે કે જયારે તમે આ પ્રકારની ટીપ્પણીઓ કરો છો ત્યારે યુવા પીઢી ને કેવો સંદેશ આપવા માંગો છો તેનો તમારે ખ્યાલ રાખવો જોઈએ. શું તમે એમ કહેવા માંગો છો કે તમારી સફળતા પર નહિ પરંતુ તમે કેવા દેખાઓ છો તેના પર તમારું મુલ્યાંકન થવું જોઈએ? મને લાગે છે કે આ એક ખોટો સંદેશ લોકોને જાય છે. ઐશ્વર્યા રાય બે દાયકાથી વધુ સમયથી કાન્સ ફેસ્ટિવલમાં જાય છે. ૨૦૦૨માં સંજય લીલા ભણસાલીની ફિલ્મ દેવદાસનું પ્રતિનિધિત્વ કરવા તે પહેલીવાર કાન્સ ફેસ્ટીવલમાં ગઈ હતી અને ત્યારથી આંતરરાષ્ટ્રીય મંચ પર સૌથી વધારે માન્યતા પ્રાપ્ત ભારતીય પર્સનાલીટીમાં તેની ગણના થાય છે. દર વર્ષે રેડ કાર્પેટ પર તેનો દેખાવ વૈશ્વિક મીડિયા આઉટલેટ્સ અને અને ચાહકો બંનેનું ધ્યાન ખેંચે છે. જોકે, પ્રતિષ્ઠા અને સિધ્ધિઓ મળી હોવા છતાં ઐશ્વર્યા રાય ઘણી વાર ઓનલાઈન ટીકાનો ભોગ બને છે. કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સ વય સંબંધિત અને શારીરિક ટીકાઓ કરે છે. એક બાજુ ઐશ્વર્યા રાયે આવી ટીપ્પણીઓનો જાહેરમાં જવાબ આપવાનું ટાળ્યું છે તો બીજી બાજુ ફિલ્મ ઈન્ડસ્ટ્રી ના લોકો હંમેશા તેના સપોર્ટમાં ઊભા રહ્યા છે. •



## ગ્લોવ્સ ટાઈગરના, દિલ ફેનનું

એક્ટર ટાઈગર શ્રોફે તાજેતરમાં જ તેના જીમની મુલાકાત દરમિયાન એક નાનકડા ચાહક સાથે વાતચીત કરી હતી અને આ ટુંકી વાતચીતનો વિડીયો ઓનલાઈન ઘણું ધ્યાન ખેંચી રહ્યો છે. ટાઈગરના યુવા પ્રેક્ષકોમાં ઘણા ફોલોઅર્સ છે. તેના કટલાક ચાહકો તેના વર્ક આઉટ રૂટીન, માર્શલ આર્ટ અને ડાન્સ પરફોર્મન્સ ને રીક્રીયેટ કરવાનો પ્રયત્ન કરે છે. આમ, બાળકો અને કિશોરો માં તે ઘણો લોકપ્રિય છે. સોશિયલ મીડિયા પર ધૂમ મચાવનાર વિડીયોમાં ટાઈગર તેના નાનકડા ચાહક સાથે જીમમાં થોડો સમય વિતાવતો દેખાય છે. વાતચીત દરમિયાન ટાઈગર તે છોકરાને બોક્સિંગ ગ્લોવ્સની જોડ ભેટમાં આપે છે અને તેને જેમાં રસ પડે છે તે ફિટનેસ અને ટ્રેનીંગ નિયમિત ચાલુ રાખવા માટે પ્રોત્સાહન આપે છે. તેની સાથે વિતાવેલી હળવી પળોને શેર કરતા ટાઈગર તેને કહે છે કે 'હવે એક દિવસ આપણે સાથે પ્રેક્ટીસ કરીશું.' ટાઈગરના પ્રેમભર્યા વર્તનથી નાનકડો ચાહક ખુશ થઈ ગયો હતો. ટાઈગરે તેના ચાહકો સાથે કનેક્ટ થવાનો પ્રયત્ન કર્યો તેના માટે સોશિયલ મીડિયા પર ઘણા સકારાત્મક પ્રતિભાવો આવ્યા છે અને તેની પ્રશંસા પણ થઈ છે. આ પળ ભલે ઘણી નાની હોય પરંતુ, તે દર્શાવે છે કે પબ્લિક ફિગર નું સિમ્પલ વર્તન પણ આ નાનકડા ચાહક પર કેટલી સર છોડતું હશે. તે બાળક માટે તો તેને મળેલા બોક્સિંગ ગ્લોવ્સ અને તેના ફેવરેટ એકટર તરફથી મળેલું પ્રોમિસ કે તેઓ ભવિષ્યમાં સાથે પ્રેક્ટીસ કરશે તે તેના માટે આજીવન સંભારણું બની ગયું હશે. •

